ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૧ તા. ૨૫.૦૬.૨૦૧૮

---------------------

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં બે દિવસીય ચિંતન શિબિરનું સમાપન**

---------------------

**આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી એ દેશના સર્વભૌમત્વની ચૂંટણી છે - શ્રી જીતુભાઈ વાઘાણી**

---------------------

**રાષ્ટ્રીયતા એ ભાજપાની પ્રાથમિકતા છે - શ્રી જીતુભાઈ વાઘાણી**

---------------------

**આસપાસના દેશો કે વિશ્વના દેશોને પહોંચી વળવા ફરી એક વખત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનું નેતૃત્વ આવશ્યક છે - શ્રી જીતુભાઈ વાઘાણી**

---------------------

**કોંગ્રેસ પોષિત વિરોધી તત્વો સામુહિક રીતે જ્ઞાતિ-જાતિ વચ્ચે વેર-ઝેર ફેલાવી જ્ઞાતિઓને છેતરવા નિકળ્યા છે. સામાજીક સમરસતાનો માહોલ રાજ્યમાં ન બગડે તેની કાળજી ભાજપા રાખી રહી છે - શ્રી જીતુભાઈ વાઘાણી**

---------------------

**ચિંતન શિબિરમાં કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ લોક કલ્યાણકારી ગરીબલક્ષી યોજનાઓ તળ-ધરતી સુધી વિવિધ પ્રકારના કાર્યક્રમો થકી પહોંચાડી શકાય તે અંગેનું આકલન અને સંકલન કરવામાં આવ્યું હતું.**

---------------------

પ્રદેશ ભાજપા આયોજીત બે દિવસીય ચિંતન શિબિરમાં રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહ ચિંતન શિબિરના સમારોપ સત્રમાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણી અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહે ઉપસ્થિત સૌ પદાધિકારીશ્રીઓને સંગઠનલક્ષી વિશેષ માર્ગદર્શન આપ્યું હતું.

ભાજપા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઈ વાઘાણીએ બે દિવસીય ચિંતન શિબિર અંગે માહિતી આપતા પત્રકારોને જણાવ્યું હતું કે, આગામી લોકસભાની ચૂંટણીઓ તે કોઈ સામાન્ય ચૂંટણી નહીં પરંતુ ભારતના સર્વભૌમત્વની ચૂંટણી છે. આસપાસના દુશ્મન દેશ હોય કે વિશ્વના પ્રતિસ્પર્ધી દેશોને પહોંચી વળવા માટે ફરી એક વખત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વવાળી સરકારનું શાસન આવશ્યક બન્યું છે. આ સર્વભૌમત્વની લડાઈમાં ભાજપા ચોક્કસ જીતશે.

શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, દેશભરમાં ૨૫ જૂન એ લોકશાહીના કાળા દિવસ તરીકે મનાવવામાં આવે છે. સ્વ. શ્રીમતી ઈન્દીરા ગાંધીએ પોતાની સત્તા બચાવવા ગેરબંધારણીય રીતે દેશમાં કટોકટી લાદી લોકશાહીની હત્યા કરી હતી. કટોકટીના આ કારમા કાળ દરમ્યાન સત્તાની ભૂખ અને લાલસા માટે ન્યાયતંત્ર, લોકતંત્ર અને મીડિયાને બાનમાં લઈ લાખો નિર્દોષોને જેલમાં પૂરવાનું કામ કર્યું હતું તે દેશની જનતા આજે પણ ભૂલી શકી નથી.

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org



શ્રી વાઘાણીએ વધુમાં જણાવ્યું હતું કે, ગુજરાત ભાજપાની ચિંતન બેઠક બે દિવસથી એસજીવીપી અમદાવાદ ખાતે આધ્યાત્મિક વાતાવરણમાં યોજાઈ રહી છે. કુદરતે આશીર્વાદ આપતા સમગ્ર ગુજરાતમાં વરસાદી વાતાવરણનો માહોલ સર્જાયેલ છે. આગામી ૨૦૧૯ની ચૂંટણીના સંદર્ભમાં વિગતવાર ચર્ચા આ ચિંતન બેઠકમાં હાથ ધરવામાં આવી છે. ભાજપા માટે પ્રજા કેન્દ્ર સ્થાને છે. પ્રજાહિતના કામો કરીને, કાર્યકર્તાઓના અથાગ પરિશ્રમ થકી અને જનતા-જનાર્દનના આશીર્વાદ થકી પુનઃ ફરી એક વખત વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં પૂર્ણ બહુમત સાથે સરકાર બનવા જઈ રહી છે. ગુજરાતમાં ૨૬માંથી ૨૬ લોકસભાની બેઠકો જીતવા માટેનો રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે અને તમામ સંગઠનાત્મક પાસાઓની વિશેષ છણાવટ કરવામાં આવી છે.

શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, સમયાંતરે ચિંતન બેઠક યોજવી એ ભાજપાની વ્યવસ્થા અને પરંપરા રહી છે. કોંગ્રેસ અપપ્રચારો કરી જુઠ્ઠાણાં ફેલાવી ધર્મસંપ્રદાયના નામે માત્રને માત્ર સત્તાની લાલસા માટે વર્ગ-વિગ્રહ ફેલાવે છે. તેને ખાળવાનું કામ ભાજપા કરી રહી છે. દેશ અને ગુજરાતની પ્રજા કોંગ્રેસના કાળા કરતૂતોને બરાબર ઓળખી ગઈ છે. ગુજરાતમાં સતત છઠ્ઠી વખત જનતા જનાર્દને આશીર્વાદ આપીને ભાજપાને સેવા કરવાનો મોકો આપ્યો છે. સામાજીક સમરસતાએ ભાજપાની પ્રાથમિકતા છે. કોંગ્રેસ પોષિત વિરોધી તત્વો સામુહિક રીતે જ્ઞાતિ જાતિ વચ્ચે વેર-ઝેર ફેલાવી જ્ઞાતિઓને છેતરવા નિકળ્યા છે. સામાજીક સમરસતાનો માહોલ રાજ્યમાં ન બગડે તેની કાળજી ભાજપા રાખી રહી છે.

રાષ્ટ્રીયતા એ જ અમારી પ્રાથમિકતા છે, તેમ કહેતા શ્રી વાઘાણીએ જણાવ્યું હતું કે, દેશદાઝ અને રાષ્ટ્રીયતા એ વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના રોમે-રોમમાં સમાયેલ છે. આવનારી ચૂંટણીઓ એ રાષ્ટ્રીયતા માટે એટલે કે નેશન ફસ્ર્ટ માટેની છે.

શ્રી વાઘાણીએ અંતમાં જણાવ્યું હતું કે, ચિંતન શિબિર અંતર્ગત અલગ-અલગ સત્રોમાં સાંપ્રત, ભૌગોલિક, સામાજીક પરિસ્થિતિઓનું અવલોકન કરવામાં આવ્યું છે. કેન્દ્ર અને રાજ્ય સરકારની વિવિધ લોક કલ્યાણકારી ગરીબલક્ષી યોજનાઓ તળ-ધરતી સુધી વિવિધ પ્રકારના કાર્યક્રમો થકી પહોંચાડી શકાય તે અંગેનું આંકલન અને સંકલન કરવામાં આવ્યું હતું. પ્રજા કલ્યાણના વિવિધ કાર્યક્રમો લઈને સતત પ્રજાની વચ્ચે જવું એ ભાજપાનો સ્વભાવ રહ્યો છે. માત્રને માત્ર ચૂંટણીઓ સમયે પ્રજાની વચ્ચે જઈને સમાજમાં ભાગલા પાડવા એ કોંગ્રેસની નીતિ-રીતિ રહી છે. ભાજપા લાંબા ગાળાના આયોજનો પ્રજા કલ્યાણ માટે કરે છે. ચિંતન શિબિર દરમ્યાન થયેલી ચર્ચાઓના મંથનમાંથી અમૃત કાઢી ભાજપા જનતા પાસે જશે અને પુનઃ એક વખત ફરીથી ગુજરાતમાં ૨૬માંથી ૨૬ લોકસભાની બેઠકો જીતાડીને વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીને દેશનું સુકાન સોંપવાની અપીલ પ્રજાને કરીશું.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ

ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

પ્રેસનોટ-૦૨ તા. ૨૫.૦૬.૨૦૧૮

---

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની ઉપસ્થિતિમાં**
**આવતીકાલે પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે બેઠકો યોજાશે**

---

**રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી અને પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી ઉપસ્થિત રહેશે**

---

**રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની ઉપસ્થિતિમાં**
**આવતીકાલે સાંજે અમદાવાદ ખાતે મિસાબંધૂઓના સન્માનનો વિશેષ કાર્યક્રમ**

---

પ્રદેશ મીડિયા સેલની એક અખબારી યાદીમાં જણાવ્યાં અનુસાર, આવતીકાલે રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહની વિશેષ ઉપસ્થિતિમાં દિવ, દમણ, દાદરા - નગરહવેલી, સેલવાસ લોકસભા સમિક્ષા બેઠક પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્" ખાતે યોજાશે.

રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઇ શાહ, રાષ્ટ્રીય મહામંત્રી અને પ્રદેશ પ્રભારીશ્રી ભૂપેન્દ્રજી યાદવ, રાષ્ટ્રીય સહસંગઠન મહામંત્રીશ્રી વી. સતીષજી તથા પ્રદેશ અધ્યક્ષશ્રી જીતુભાઇ વાઘાણી લોકસભા ચૂંટણી વ્યવસ્થા સમિતિની બેઠકમાં ઉપસ્થિત રહી સમિતિનાં આગેવાનોને માર્ગદર્શન આપશે.

આવતીકાલે અમદાવાદ ખાતે ભાજપાના રાષ્ટ્રીય અધ્યક્ષશ્રી અમિતભાઈ શાહની વિશેષ ઉપસ્થિતિમાં ભાજપા દ્વારા કટોકટી કાળમાં મિસાના કાળા કાયદા હેઠળ જેલવાસ ભોગવનારા મીસાબંધુઓના સન્માનનો કાર્યક્રમ યોજાશે. ૨૫ જુન ૧૯૭૫ના દિવસે ઈન્દિરા ગાંધી દ્વારા પોતાની સત્તા બચાવવા માટે ગેરબંધારણીય રીતે દેશમા કટોકટી લાદી લોકશાહીની હત્યા કરી હતી. કટોકટીના આ કારમા કાળ દરમિયાન ન્યાયતંત્ર, લોકતંત્ર અને મીડીયાને બાનમાં લઈ લાખો નિર્દોષોને જેલમાં પુરી દીધા હતા. દેશભરમાં કારમી કટોકટી લાગુ થયાના આ દિવસને ભાજપા દ્વારા સમગ્ર દેશમા "કાળા દિવસ" તરીકે મનાવવામા આવે છે. તે અનુસંધાને ૨૬મી જુનના રોજ ભાજપા દ્વારા સાંજે ૪:૩૦ કલાકે દિનેશ હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે મીસાબંધુઓના સન્માનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. જેમાં ગુજરાતભરમાંથી મીસાબંધુઓ ઉપસ્થિત રહેશે.

(ડૉ. હર્ષદ પટેલ)
પ્રદેશ કન્વીનર, મીડીયા વિભાગ